# ફકીરની પાળ

હવે તો હદ જ થઈ ગઈ છે. હવે આ લીમડો શું ચૂંદડી અને ચાદર પણ ઓઢશે? એ પણ શું કરી શકે એમ છે? મારી જેમ એ પણ ક્યાં કશું બોલી શકે છે? આ લોકો સમજે તો સારું, મારે તો કંઈ શ્વાસ ન લેવાનો હોય, પણ લીમડો તો શ્વાસ લે છે. બળી મરશે, જો રોજેરોજ આમ ચૂંદડી અને દોરામાં વીંટળાતો રહ્યો તો! આ બધી કરામત આ ફકીરની છે; જ્યારથી એણે આ કબ્રસ્તાનનો આશરો લીધો છે, ત્યારથી હું હાજરાહજૂર બની ગઈ છું.

આજ સવારથી લીમડો લવારે ચડ્યો છે. એની ડાળે-ડાળે લાલ-લીલી ચૂંદડીઓ ચડે છે. એ તો ગભરાઈને આ દીવાલને આંબવા જાય, પણ અહીં પણ આ મસ્તાને બદહાલી કરી છે. કોઈ એને મસ્તાન કહે તો કોઈ ચમત્કારી કહે, પણ મને તો આ ફકીર એક ગરીબ મૂંગા સિવાય કંઈ જ નથી લાગતો. થોડાં વર્ષો પહેલાં કોમી તોફાન થયેલા ત્યારનો ક્યાંકથી અહીં આવી ગયેલો. આમ તો ત્રીસી વટાવેલો હશે, પણ ચીંથરેહાલ અસ્તવ્યસ્ત દેખાવમાં ઉંમર વટાવેલો લાગતો હતો ને હું તો એક સામાન્ય દીવાલ! કબ્રસ્તાનની હદ બાંધવા સિવાય મારું બીજું કંઈ જ કામ નહીં. સામે ઊભેલો લીમડો મારો દોસ્ત. એ લહેરાતો અને હું એને જોયા કરતી. આમ ને આમ અમારા દિવસો પસાર થતા રહેતા. આમ જ અમે અનંત જીવી જાત કદાચ, પણ આ ફકીરે અહીં આવીને અમારી કિસ્મતની કોઈ નવી જ લકીર ખેંચી છે જાણે! એને ક્યારેક કોઈ પૈસા અને ક્યારેક કોઈ ખાવાનું આપતા. ધીમે-ધીમે લોકોને એની પાસે આવીને પોતાનાં દુ:ખ દૂર થતાં જણાવા લાગ્યા.

બસ! પછી તો શું? લોકો આવે અને પોતાની મુસીબત જણાવે અને ફકીરને પૈસા કે સદકો કંઈ પણ આપે. જો એ ફકીર લઈ લે તો એમ માનીને જાય

કે એમની મુસીબત દૂર થઈ અને જો એ ન લે તો એમ સમજે કે હવે એ માનતા પૂરી નહીં થાય.

એક વખત કોઈ આવેલું અને ફકીર ત્યાં હતો નહીં તો પોતાની માનતાનો કોલ જાણે ત્યાં જ મૂકતો ગયો હોય એમ મારે કાંગરે દોરો બાંધી ગયો. પછી તો લોકો અહીં માનતાના દોરા પણ બાંધતા થઈ ગયા ને મને તો યુવાની આવી. આટઆટલાં વર્ષોથી જર્જરિત હાલતમાં રહેલી હું જાણે નવવધૂ હોઉં એમ સિમેન્ટ અને કૉન્ક્રીટ ખાઈ, રંગરોગાન ઓઢી ચમકી ઊઠી. મારું નવું નામ હતું, 'ફકીરની પાળ'!

ફકીર આ બધું જ જોયા કરે. જાણે અમને બંનેને ઓળખતો હોય એમ ક્યારેક મને તો ક્યારેક લીમડાને જોયા કરે. ફકીર જેવી લીમડા સામે નજર ફેરવે કે લોકો કહે, 'એ જુઓ, બાપુ પ્રેત જુએ છે!' પછી તો એ પણ શરૂ થયું! કલ્પાંત કરતા અને માનસિક બીમાર લોકો આવતા. ફકીર એમના માથે હાથ મૂકતો. લીમડે ચાદર ચડતી રહેતી. દરેક ધર્મના લોકો આવતા. આમેય દુઃખને પણ ક્યાં કોઈ ધર્મ હોય છે?

લીમડો ખૂબ જ અકળાતો. ક્યારેક કોઈના માથે હવામાં ચાદર ખેરવી ડાળ હલકી કરી નાખતો. લોકોને એમાં પણ ચમત્કાર જ દેખાતો. દોરાનો બોજ તો એના જેમ મને પણ હેરાન કરતો અને સૌથી વધુ એ વાતો, જે મારી પાસે આવીને એ લોકો કહેતા. હું તો દીવાલ, મારે જાન નહીં પણ કાન તો ખરા ને? કોઈને દીકરો જોઈએ, કોઈને લગ્નના અભરખા, કોઈ જીવનનું વરદાન માગે તો કોઈ મોતનો આરામ યાચે, ક્યારેક કોઈ મા પોતાના દીકરાની ફરિયાદ મારે કાંગરે બાંધે અને ક્યારેક કોઈની ભૂખાળવી ગરીબી મારું અંતર વીંધતી જાય. હવે તો મને પણ આ માનતાઓનો ભાર કળાતો હતો. અધૂરી માનતાઓના કાંટા રાત-દિવસ મને વાગ્યા કરતા અને લોકોનાં સપનાં લીમડાની ફરતે વીંટળાયાં કરતાં. જો અમારા આવા હાલ છે તો બિચારા ફકીરની શું હાલત હશે? બધાને રોજ સાંભળે, એની આસપાસ લોકોનાં ટોળેટોળાં જમા હોય, પણ મને અડકીને બેઠો હોય ત્યારે પણ હૃદયના ધબકારામાં લગીરે ફેર ન પડતો. કેવો હશે આ માણસ? હવે તો મને પણ એ મસ્તાન જ લાગવા માંડ્યો હતો.

આમ ને આમ વર્ષો વીતી ગયાં. મારી અને ફકીરની ચર્ચાઓ ગામેગામ ફેલાતી રહી. મેદનીઓ ભરાવા લાગી. ફકીર યથાવત્ હતો અને વધુ ઝાંખો થતો જતો હતો. આ બાજુ મારો તો અહમ્ જાગી ઊઠ્યો. મારામાં કોઈ ચમત્કાર તો હોવો જ જોઈએ કે અહીં માનતાઓ ફળે છે, એક આ ફકીરડાને જ મારી કંઈ પડી નહોતી.

■

એક દિવસ સાવ જ જુદો ઊગ્યો. મેળાવડામાં એક નમણી બાઈ ભળી, ચળકતા રુઆબદાર વસ્ત્રોમાં! કોઈનું પણ ધ્યાન ખેંચે એવી એની ચાલ. માથે માત્ર અડકે એમ રાખેલા આછા ઓઢણામાંથી લાંબો ઝૂલતો ચોટલો એની ચાલને લય પૂરો પાડતો હતો. ચહેરા પરથી યૌવનની ગુલાબી ઊડે, પણ કાજળ ધરેલી આંખો અગોચર મનની ચાડી ખાતી હતી. સાથે એક ગુલામડી સદકા[1]નો સામાન લઈને ચાલતી હતી. પુરુષો આ ચોટલાવાળી માલકણને નજર ઉઠાવી જોયા કરે અને બાઈઓ મોઢું બગાડી ગુસપુસ કરે, ‘આવી ગઈ છપ્પરપગી, આખા ગામને વંટોળે ચડાવ્યું છે આ બાઈએ તો! હવે તો આ જગ્યા પણ નાપાક કરવા આવી.’ બૈરાં દેખીતી રીતે જ એનાથી અભડાતાં હતાં.

એ મારી લગોલગ આવીને ઊભી રહી. માનતાનો કામચલાઉ દોરો બાંધ્યો. મેં એને સાંભળવાની જહેમત શરૂ કરી, પણ એના મનમાં કોઈ વિચાર જ નહીં! હું બોલતી રહી, ‘માગ, તને જોઈએ એ માગ!’ પણ એ તો એમ જ ઊભી રહી. હું એને ઓળખવા મથતી રહી. ક્ષિતિજની છેલ્લી સપાટી જેટલું અનંત અને ધગધગતા રણ જેવું બંજર મન, ભેંકાર અને નીરવ! મારામાં એક કંપન ઊઠ્યું ને કદાચ એણે પારખ્યું હોય કે બીજી જ ક્ષણે ફકીર તરફ રુખ કરી એને સદકાની શાલ અને પૈસા આપવા હાથ લંબાવ્યા. એના ગોરા હાથના સીધા ભાગ પર એક ચાંદરાત જેવું છૂંદણું હતું. ‘નૂન’[2] હતો કદાચ! છૂંદણું જોઈને ફકીર બેચેન થઈ ગયો અને એનો હાથ એક ઝટકાથી ફગાવી દીધો. એક પળનો પણ વિચાર કર્યા વગર એ હતાશ થઈ ત્યાંથી જતી રહી.

---

*1 સદકો = ધાર્મિક આસ્થાથી થતું દાન*

*2 નૂન = અરબી ભાષાનો ‘ન’*

'બાપુ તો આવી નાપાકના પડછાયાથીયે આઘા રહે', ટોળામાં વાત ભળી.

એના ગયા પછી ફકીર ખૂબ જ બેચેન રહ્યો. મને અને લીમડાને લાગતું હતું કે હમણાં ફકીર કશુંક બોલશે કે કંઈક કરી ઊઠશે! ફકીરે હાથનો ઇશારો કરીને બધાને જવાનું કહી દીધું. મને અડકીને આખી રાત વિચારતો રહ્યો. એ મસ્તાનનું હૃદય પહેલી વાર એટલા જોરથી ધડકતું હતું કે જાણે હમણાં એના શરીરને વીંધીને મારી માથે પછડાશે! મન કોઈની મૈયત થયાનું આક્રંદ કરતું હતું અને એ કોરી આંખો આટલાં વર્ષોમાં પહેલી વાર વરસી રહી હતી. કોઈ ગેબી શક્તિ મળી હોય એમ પહેલી વાર એનું મન ચીસો પાડીને મને ફરિયાદ કરતું હતું, 'નૂરી, મારી દીકરી... નૂરી.. '

એ રાતે એનાં ડૂસકાં મારા પથરાળ શરીરને છેદતા રહ્યા. એના આક્રંદથી મારી અંદરનું બંજરપણું જાગી ઊઠ્યું હતું. રાતના અંધારામાં એ કાયમ માટે ગાયબ થઈ ગયો. ત્યારથી હું અને લીમડો એના ગાયબ થવાની લોકવાયકા સાંભળતાં આવીએ છીએ. લોકો કહેતાં કે 'ફકીરમાં જીન હતો.'

■

ફકીર તો ગયો, પણ મુરશદો અને મુરીદોનો આ દુનિયામાં તોટો નથી, એમાં પણ આ તો હાજરાહજૂર જગ્યા! થોડા જ અરસામાં એક પછી એક એમ દરેક જગ્યાએ કોઈ ને કોઈ આવતું રહ્યું. કોઈ વૃદ્ધને લઈને આવેલા બે-ચાર મુરીદોએ અહીંની ગાદી સંભાળી લીધી. વખત વીતતો ગયો, ઉર્સ[3] ભરાવા લાગ્યા. પછી તો મેદનીનો પાર નહીં. કોઈ માલેતુજારે આવીને મારા પંડને વખતોવખત શણગાર્યા કર્યું. નવાં ચણતર થયાં, રસ્તા બંધાયા, આસપાસ ફૂલ-ચાદરોની અને ખાણી-પીણીની નાની-મોટી દુકાનો બની. જોતજોતામાં આ સહેલાણીઓનું પર્યટનસ્થળ પણ બનવા લાગ્યું. પરિવારોના અને જુવાનિયાઓનાં અહીં ટોળાં જમા થવા લાગ્યાં. આ બધા વચ્ચે હું ફક્ત એક ગવાહીનો પથ્થર બનીને રહી ગઈ હતી, પણ મારી આસપાસ માગતા, દુઆ દેતા, તાવીજ બનાવતા, ચિલમ પીતા, ઝિક્ર[4] કરતા ફકીરોની જમાવટ થતી રહેતી. ક્યારેક કોઈનું હૃદય વાંચી જતી તો અંતરથી ઝીણું-ઝીણું ખરી

---

3 *ઉર્સ = પીર-ઓલિયા (અહીં ફકીર)ની મરણતિથિનો ઉત્સવ*

4 *ઝિક્ર= ઈશ્વરના નામનું સતત રટણ કરવું*

પડતી. મને મારો જૂનો જોગી યાદ આવી જતો. ક્યાં હશે એ, જે મને આવું જીવનદાન આપીને જતો રહ્યો છે? હજુ સુધી જીવતો હશે કે કેમ?

એક દિવસ દોરો બાંધવા લંબાયેલો એક મેલો હાથ આ દીવાલને અડકી રહ્યો હતો, ત્યાં જ 'એ ગાંડા... એ પાગલ' કહેતા કોઈ તોફાની બાળકનો એના તરફ જોરથી ફેંકાયેલો પથ્થર માથેથી એનું લોહી ચૂસતો સીધો જ મારા શરીરે ઝીંકાયો. મારા પ્રકોપનો મલાજો રાખી તોફાની ટોળી બીજી જ ક્ષણે તૌબા[5] ભરી દૂર થઈ. એ ધગધગતા લોહીનું આલિંગન મળે એ પહેલાં જ માથે એક વજનદાર અરજ પછડાઈને મને મારા હોવાપણાના વાસ્તા દેતી રહી. એનો ઝીણો અવાજ મને કરગરી રહ્યો હતો, 'નૂરી... નૂરી...' લીમડો ડાળ પરથી ચાદર ખેરવવાની નાકામ કોશિશ કરતો રહ્યો.

■ ■ ■

*5 તૌબા ભરવી = માફી માગવી*